# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું – આરોગ્યથી લઇને સામાજિક સુરક્ષા સુધી દેશ તમામ ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યો છે.

2) પ્રધાનમંત્રીએ 'મન કી બાત' કાર્યક્રમમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 'મિશન ફોર મિલિયન ટ્રીઝ' અભિયાન અને સિંદૂર વનનો ઉલ્લેખ કર્યો

3) વિશ્વ પ્રસિધ્ધ તિર્થધામ પુરીમાં ગુંડિચા મંદિરમાં સર્જાયેલી દોડધામમાં ત્રણના મોત અને બાર ઇજાગ્રસ્ત.

4) ઉત્તરાખંડમાં વાદળ ફાટવાને કારણે નવ કામદારો ગુમ. આકાશી આફતના કારણે ચારધામ યાત્રા સ્થગિત કરાઇ.

5) US ઓપન બેડમિન્ટનમાં ફાઇનલમાં પહોંચેલા ભારતના આયુષ શેટ્ટી અને તન્વી શર્માનો આજે પોતપોતાની મેચમાં મુકાબલો.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM-MANN KI BAAT-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, આરોગ્યથી લઇને સામાજિક સુરક્ષા સુધી દેશ તમામ ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનનાં એ અહેવાલનો ઉલ્લેખ કર્યો જેમાં જણાવવામાં આવ્યું છે કે, દેશની 64 ટકાથી વધુ વસ્તી અને 95 કરોડ લોકોને કોઇને કોઇ સામાજિક સુરક્ષાનો લાભ મળી રહ્યો છે.

<u>(PM ON SOCIAL SECURITY)</u>

શ્રી મોદીએ વિશ્વ આરોગ્ય સંગઠનનાં અહેવાલનો પણ ઉલ્લેખ કર્યો જેમાં ભારતને આંખોનાં રોગ 'ટ્રાકોમા'થી મુક્ત જાહેર કરવામાં આવ્યો છે. આ સફળતાઓએ વિશ્વાસ જગાવ્યો છે કે, આગામી સમય વધુ સારો હશે અને ભારત દરેક પગલે સશક્ત બનશે.

કટોકટીનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, જનભાગીદારીનાં માધ્યમથી મોટી મોટી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. કટોકટી લાદનારાઓએ માત્ર બંધારણની જ હત્યા નહોતી કરી, તેમનો ઇરાદો ન્યાયતંત્રને પણ પોતાનું ગુલામ બનાવવાનો હતો. શ્રી મોદીએ જણાવ્યું કે, આ દરમિયાન અભિવ્યક્તિની સ્વતંત્રતાનાં ગળે ટૂંપો દેવામાં આવ્યો.

<u>(BYTE PM ON EMERGENCY)</u>

# PM-MANN KI BAAT-2

પ્રધાનમંત્રીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મિશન ફોર મિલિયન ટ્રીઝ અભિયાન વિશે પણ વાત કરી હતી, જેમાં લાખો વૃક્ષો રોપવાનું લક્ષ્ય છે. તેમણે કહ્યું કે, આ અભિયાનનું એક વિશેષ પાસું સિંદૂર વન છે, જે ઓપરેશન સિંદૂરના શૂરવીર જવાનોને સમર્પિત જંગલ છે.

## (BYTE PM ON SINDOOR VAN)

શ્રી મોદીએ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર જિલ્લામાં પતોડા ગ્રામ પંચાયતની અનોખી પહેલનો ઉલ્લેખ કર્યો, જે કાર્બન ન્યુટ્રલ ગ્રામ પંચાયત છે. આ ગામમાં દરેક ઘરમાંથી કચરો એકત્ર કરવાની સંપૂર્ણ વ્યવસ્થા છે અને ગંદા પાણીની ટ્રીટમેન્ટ કરવામાં આવે છે અને સફાઇ કર્યા વગરનું પાણી નદીમાં નથી વહેતું.

આ મહિનાની 21મી તારીખે ઉજવાયેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, તેમાં દેશ અને વિશ્વના કરોડો લોકોએ ભાગ લીધો હતો. તેમણે કહ્યું હતું કે, વધુને વધુ લોકો તેમના રોજિંદા જીવનમાં યોગને અપનાવી રહ્યા છે.

## (BYTE PM YOGA)

# PM-MANN KI BAAT-3

યાત્રાઓ વિશે બોલતા શ્રી મોદીએ કૈલાશ માનસરોવર યાત્રા, અમરનાથ યાત્રા અને જગન્નાથ રથયાત્રાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમ સુધી આ યાત્રાઓ એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવનાનું પ્રતીક છે.

## (BYTE PM YATRA CAMP)

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આસામમાં બોડોલેન્ડ ફુટબોલ ક્ષેત્રમાં નવી ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યું છે અને દેશનાં રમતગમત ક્ષેત્રમાં ઝડપથી ઊભરી રહ્યું છે. બોડોલેન્ડ CEM કપમાં ત્રણ હજાર 700થી વધુ ટીમો અને 70 હજાર ખેલાડીઓ ભાગ લે છે, અને તેમાં પણ દીકરીઓ મોટી સંખ્યામાં ભાગ લે છે.

ભારતની પ્રાદેશિક, ભાષાકીય અને સાંસ્કૃતિ વિવિધતાનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, મેઘાલયમાં આદિવાસીઓ, ખાસ કરીને ખાસી સમુદાયનાં લોકોએ સાચવેલા વારસાને કારણે એરિ સિલ્કને જીઆઇ ટેગિંગ મળ્યું છે.

પ્રધાનમંત્રીએ મહિલાઓની આગેવાની હેઠળનાં વિકાસનો ઉલ્લેખ કરતા કહ્યું કે, દેશની મહિલાઓ આજે દેશનું નવું ભાવિ ઘડવા તૈયાર છે.

# TELANGANA - AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે તેલંગાણાના નિઝામાબાદમાં રાષ્ટ્રીય હળદર બોર્ડનું ઉદ્ઘાટન કરશે. ખેડૂત નવીનતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતાના નવા યુગનું પ્રતીક સમા બોર્ડના સત્તાવાર લોગોનું પણ અનાવરણ કરશે.

શ્રી શાહ આ પ્રદેશના લોકપ્રિય નેતા અને લોકસેવક  ડી. શ્રીનિવાસની પ્રતિમાનું અનાવરણ પણ કરશે, કેન્દ્રીય મંત્રી નિઝામાબાદમાં ખેડૂતોની રેલીને સંબોધિત કરશે. તેઓ રાજ્યની મુલાકાત દરમિયાન હૈદરાબાદમાં તેલંગાણા ભાજપના નેતાઓને મળવાના છે.

# PURI - STAMPEDE

ઓડિશાના પુરીમાં શ્રી ગુંડિચા મંદિર નજીક ભાગદોડમાં ત્રણ લોકોના મોત થયા હતા અને 12થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના સવારે ચાર વાગ્યાની આસપાસ બની હતી જ્યારે સેંકડો ભક્તો મંદિરની નજીક એકઠા થયા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# CHARDHAM YATRA

ઉત્તરાખંડમાં અતિ ભારે વરસાદનાં એલર્ટને પગલે ચાર ધામ યાત્રાને આગામ 24 કલાક માટે સ્થગિત કરવામાં આવી છે. પોલિસ અને વહીવટીતંત્રએ યાત્રાળુઓને હરિદ્વાર, ઋષિકેશ, શ્રીનગર, રૂદ્રપ્રયાગ, સોનપ્રયાગ અને વિકાસનગરમાં અટકાવવા નિર્દેશ આપવામાં આવ્યા છે.

# UTTARKASHI LABOUR MISSSING

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં, બરકોટ તાલુકામાં સિલાઇ બેન્ડ નજીક વાદળ ફાટવાથી નવ કામદારો નિર્માણાધીન સ્થળેથી ગુમ થયા છે. SDRF, પોલીસ અને મહેસૂલ વિભાગની ટીમો રાહત અને બચાવ કામગીરી ચલાવી રહી છે. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે ગઈ રાતથી સતત વરસાદને કારણે રાજ્યના વિવિધ ભાગોમાં સામાન્ય જીવન ખોરવાઈ ગયું છે.

# REV BADMINTON - US OPEN

યુએસ ઓપન 2025 બેડમિન્ટનમાં, ભારતના આયુષ શેટ્ટી અને તન્વી શર્મા પુરુષ અને મહિલા સિંગલ્સ ફાઇનલમાં પહોંચ્યા હતા.ગઇકાલે રાત્રે યુએસએના આયોવાના કાઉન્સિલ બ્લફ્સમાં મિડ-અમેરિકા સેન્ટર ખાતે રમાયેલી મેચમાં યુક્રેનની સાતમી ક્રમાંકિત બુહરોવા સામે 21-14,21-16 જીત સાથે તન્વીએ મહિલા સિંગલ્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

જ્યારે આયુષ શેટ્ટીએ વિશ્વ નંબર છ ચૌ ટિએન ચેનને 21-23,21-15,21-14 ના અપસેટ સાથે ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. તન્વી હવે આજે રાત્રે ફાઇનલમાં યુ. એસ. એ. ની ટોચની ક્રમાંકિત બેઇવેન ઝાંગ સામે ટકરાશે, જ્યારે આયુષ કેનેડાના ત્રીજા ક્રમાંકિત બ્રાયન યાંગ સામે રમશે.

# STATISTICS DAY

આજે આંકડાશાસ્ત્ર દિવસ 2025 ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ દર વર્ષે પ્રોફેસર પ્રશાંત ચંદ્ર મહાલનોબિસની જન્મ જયંતિ નિમિત્તે ઉજવવામાં આવે છે, જેઓ આંકડાશાસ્ત્ર અને આર્થિક આયોજનના ક્ષેત્રમાં અગ્રણી હતા.

આ વર્ષની થીમ 'રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણના 75 વર્ષ' છે, આ કાર્યક્રમનું ઉદ્ઘાટન આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય મંત્રી રાવ ઈન્દરજીત સિંહ દ્વારા કરવામાં આવશે. રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણના 75 વર્ષની ઉજવણી કરવા માટે, એમ. ઓ. એસ. પી. આઈ. એક સ્મારક સિક્કો અને કસ્ટમાઇઝ્ડ માય સ્ટેમ્પ બહાર પાડશે. આ પ્રસંગે સંખ્યાબંધ મહત્વપૂર્ણ આંકડાકીય પ્રકાશનોના વિમોચન થશે.